

# ભીમનો કાયદો,



# બિરસાનું તીર

# સાથે મળીને

# બદલીએ તાસીર


૧. પંચાયતીરાજની વ્યવસ્થા અને સામાજિક ન્યાય સમિતિ
૨. ગ્રામસભા
૩. ગુજરાત આદિવાસી સ્વશાસન દિન
૪. ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ ૧૯૯૮
૫. બંધારણના ઘડવૈયા : ડૉ. બાબાસાહેબ આંબેડકર
૬. આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ
૭. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી ધારો '૦૫
૮. આદિવાસી સમાજના આદર્શ બિરસામુંડા
૯. માહિતીનો અધિકાર



**વિકલ્પ**
એ/૮, આનંદ ટેનામેન્ટ,
વસ્ત્રાપુર રેલવે સ્ટેશન પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧
E-mail: vikalpahd@gmail.com

**પ્રગતિ પ્રયાસ કેન્દ્ર**
સોલંકી મનહરભાઈના મકાનમાં,
વ્રજધામ સોસાયટી પાછળ,
સંસ્કાર નગરીની સામે,
ગોધરા, જિ. પંચમહાલ

## જાન્યુઆરી - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

## ફેબ્રુઆરી - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | | | |

## માર્ચ - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |

## એપ્રિલ - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | | | | | |

## મે - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | |

## જૂન - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

## જુલાઈ - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | | |

## ઓગસ્ટ - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | |

## સપ્ટેમ્બર - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |

## ઓક્ટોબર - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

## નવેમ્બર - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | |

## ડિસેમ્બર - ૨૦૦૭

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૩૧ | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |

# પંચાયતીરાજની વ્યવસ્થા અને સામાજિક ન્યાય સમિતિ

ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રિસ્તરીય માળખું પંચાયતીરાજનું હોય છે. ગ્રામપંચાયત, તાલુકા પંચાયતને અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતને જવાબદાર હોય છે. પરંતુ ગ્રામ, તાલુકા અને જિલ્લાના સભ્યોને ગામના લોકોને ચૂંટીને મોકલતા હોવાથી દરેક મતદાર ગ્રામસભા દ્વારા શાસનમાં ભાગીદાર બને છે. પંચાયત રાજનાં ત્રણે માળખાઓ ઉપર વહીવટ સંભાળવા ચૂંટાયેલા સભ્યોને ગામ, તાલુકા અને જિલ્લાના અધિકારીઓ મદદરૂપ થાય છે. આમ, તલાટીથી લઈને જિલ્લા વિકાસ અધિકારી સુધીના સરકારી અધિકારીઓ ચૂંટાયેલા સભ્યોના વહીવટના કામમાં સહયોગ આપે છે. તેથી ત્રણે માળખામાં રહેલા અધિકારી વર્ગ પ્રજાના સેવકો છે.

- ગ્રામપંચાયત એટલે એક કે એક કરતાં વધુ ગામોનો સમૂહ. જેમાં ગામના લોકો દ્વારા ચૂંટાયેલા પંચાયતના પ્રતિનિધિઓ તલાટી અને અન્ય સ્થાનિક સ્વરાજના કર્મચારીઓના સહયોગથી ગામનો વહીવટ ચલાવે છે.
- સરપંચ સભ્યોની મદદથી ગામનો વહીવટ કરે.
- પંચાયત બોડી ( સરપંચ તથા સભ્યો ) ગ્રામસભામાં જ બધા અગત્યના નિર્ણયો લે અને પાસ થાય તો જ તે માન્ય ગણાય.
- તલાટી પંચાયત બોડીના મંત્રી તરીકે કાર્ય કરે, નિર્ણયનો અધિકાર નથી.

## સામાજિક ન્યાય સમિતિ

- સામાજિક ન્યાય સમિતિ એ દરેક ગ્રામપંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત સ્તરે ફરજિયાત સમિતિ છે.
- સામાજિક ન્યાય સમિતિમાં માત્ર અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના સભ્યો જ પ્રમુખ અને સભ્ય રહી શકે.
- સામાજિક ન્યાય સમિતિમાં ૫ સભ્યો હોય છે, તે ચૂંટાયેલા પંચાયતના સભ્યોમાંથી કે ઓછા પડે તો ગ્રામપંચાયતના મતદારમાંથી હોઈ શકે.
- સામાજિક ન્યાય સમિતિ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે કામકરે છે.
- સામાજિક ન્યાય સમિતિને આગવી સત્તા અને ભંડોળ આપવામાં આવે છે.
- સામાજિક ન્યાય સમિતિ સ્વતંત્ર હોય છે, એક વાર રચના થયા પછી ૫ વર્ષ સુધી સતત રહે છે.
- તલાટી-કમ-મંત્રી સામાજિક ન્યાય સમિતિ મંત્રી તરીકેની ફરજ બજાવે છે.

**સરપંચને છે નિર્ણયનો અધિકાર**
**તલાટી છે અમલનો જવાબદાર**

**તલાટી જો કરે કપટ**
**સરપંચ ભરે ખાનગી રિપોર્ટ**

# ગ્રામસભા

ગ્રામસભા દરેક ગામ માટે લોકસભા અને વિધાનસભા જેટલું મહત્ત્વ ધરાવે છે. ગ્રામસભાની મંજૂરી પછી જ ગામના વિકાસનાં કાર્યો કે નાણાનો ખર્ચ થઈ શકે. ગામના વિકાસ અને પોતાના વ્યક્તિગત તથા સામુહિક પ્રશ્નોની રજૂઆત, ચર્ચા અને ઉકેલ માટે ગ્રામસભામાં હાજરી અનિવાર્ય છે. ગ્રામસભામાં ચર્ચાયેલ ઠરાવ અને નક્કી થયેલ નિર્ણયો ઉપર હાજર મતદારોની સહી અગત્યની છે, માટે વાંચ્યા વગર સહી કરવી એ પોતાના પગ ઉપર કુહાડી મારવા સમાન છે.

**કાયદાકીય જોગવાઈ**

- ગ્રામસભાની તારીખ, સમય, સ્થળ અને એજન્ડાની જાહેરાત ઓછામાં ઓછા ૭ દિવસ અગાઉ ગામના ચોરા ઉપર તથા અન્ય જાહેર જગ્યાએ લેખિતમાં મૂકવાની જવાબદારી પંચાયતની છે.
- પંચાયતના સભ્યોને ગ્રામસભાના તારીખ, સમય, સ્થળ અને એજન્ડાની જાણ લેખિતમાં ૭ દિવસ અગાઉ કરવાની તથા જાણ કર્યા મુજબની સહી લેવાની જવાબદારી તલાટીની હોય છે. જેથી સભ્યો પોતાના વોર્ડના ગ્રામજનોને તેની જાણ કરી શકે તથા વોર્ડના પ્રશ્નોને અનુરૂપ એજન્ડા ગ્રામસભામાં અગાઉથી મૂકાવી શકે.
- ગ્રામસભાના એજન્ડામાં ગ્રામજનો પોતાના પ્રશ્નો/ સમસ્યાઓને દાખલ કરાવી શકે છે, આ માટે તેઓ પોતે અથવા પોતાના વોર્ડના સભ્ય દ્વારા લેખિત અરજી ગ્રામસભાના ૨ દિવસ અગાઉ પંચાયતને કરી શકે છે.
- ગ્રામસભાના દિવસે દરેક ગ્રામજનોએ પોતાના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત અને ગ્રામવિકાસની ચર્ચા તથા નિર્ણય માટે સમયસર ગ્રામસભામાં હાજરી આપવી અત્યંત જરૂરી છે.
- ગ્રામસભામાં ઓછામાં ઓછા ૫૦ મતદારો હાજર હોય તો જ ગ્રામસભાની કાર્યવાહી આગળ ચલાવી શકાય.
- ગ્રામસભાની શરૂઆતમાં બધા જ એજન્ડાઓનું વાંચન કરવામાં આવવું જોઈએ. ત્યારબાદ તેમાં કોઈ એજન્ડા રદ્ કરવા કે નવા ઉમેરવા વિશે ચર્ચા થવી જોઈએ.
- દરેક એજન્ડા ઉપર એક પછી એક ચર્ચા થવી જોઈએ, નિર્ણય લેવાવો જોઈએ. દરેક મતદારે ચર્ચામાં સામેલ થવું જોઈએ અને નિર્ણય વખતે એજન્ડાની તરફેણ કે વિરોધમાં મત આપવો જોઈએ.
- ગ્રામસભામાં બધા જ એજન્ડાઓ ઉપર ચર્ચા કરી, નિર્ણય થાય તે નિર્ણય ઠરાવબુકમાં લખાય, (જે પ્રમાણે ગ્રામસભામાં નિર્ણય લેવાયો હોય) પછી જ ગ્રામસભામાં હાજર રહેલા સભ્યોની ઠરાવબુકમાં સહી કરાવવી જોઈએ.

**ગ્રામસભામાં ચર્ચા થશે વિકાસની**
**સર્વસંમતિથી થશે સૌ કામો નક્કી**
**સમજી લેજો સૌ ગ્રામજનો અહીં**
**પછી જ થશે અંગૂઠો કે સહી**

### જોગવાઈના ભંગ સામેનાં પગલાં

- જો ગ્રામસભાની જાણ ગ્રામજનો કે પંચાયત સભ્યોને નિયમ પ્રમાણે કરવામાં ન આવે તો ગ્રામસભા વખતે અથવા ગ્રામસભા ભરાઈ ગયા પછી પણ તેનો વિરોધ નોંધાવી, ફરી ગ્રામસભા ભરવાની અરજી-ફરિયાદ તાલુકા તથા જિલ્લા કક્ષાએ કરી શકાય.
- જો ગ્રામસભામાં એજન્ડા ઉમેરવાની અરજી લેવાની ના પાડવામાં આવે અથવા તો અરજી લીધા પછી કોઈ પણ કારણ આપ્યા સિવાય તે એજન્ડાને રદ કરવામાં આવે તો તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારીને ફરિયાદ કરી શકાય.
- કોઈ પણ વ્યક્તિ કે સમૂહને જે ગામની મતદાર છે તેને ગ્રામસભામાં બેસવાની, બોલવાની કે નિર્ણય કરવાની ના પાડવામાં આવે તો તે વ્યક્તિ કે સમૂહ પોતાની ફરિયાદ ટીડીઓ તથા ડીડીઓને લેખિત કરી શકે છે.
- જો ૫૦ કરતાં ઓછા મતદારો હાજર હોય છતાં પણ ગ્રામસભાની કાર્યવાહી ચાલુ રહે તો તેનો વિરોધ કરવો જોઈએ, લેખિત રજૂઆત કરવી જોઈએ, નવી ગ્રામસભા લોકોના અનુકૂળ સમયે નક્કી કરવી જોઈએ.
- એજન્ડાઓનું વાંચન થયા વગર ગ્રામસભા પૂરી થઈ જાય અથવા કોઈ ગ્રામજનોને ચર્ચા કરતા કે નિર્ણયમાં ભાગીદાર બનતા અટકાવવામાં આવે અથવા માત્ર એજન્ડાઓનું વાંચન કરી ગ્રામસભા પૂરી કરવામાં આવે તો - (૧) રજિસ્ટરમાં સહી કરવી જોઈએ નહીં. (૨) ગ્રામસભાનો વિરોધ નોંધાવવો જોઈએ. (૩) લેખિત ફરિયાદ ઉપરી અધિકારીને કરવી જોઈએ.
- જો ગ્રામસભાના શરૂ થતાં પહેલાં, શરૂઆતમાં કે ગ્રામસભામાં ચર્ચા ચાલતી હોય તે દરમિયાન સહી કરાવવામાં આવે તો, (૧) સહી કરવી જોઈએ નહીં. (૨) તેનો સામુહિક વિરોધ કરવો જોઈએ. (૩) દબાણપૂર્વક સહી કરાવાય તો લેખિત ફરિયાદ આપવી જોઈએ. (૪) ઘરે બેઠા ગ્રામસભાના ઠરાવ બુકમાં સહી કરવી જોઈએ નહીં. (૫) ગ્રામસભામાં લેવાયેલ નિર્ણય ઠરાવબુકમાં લખેલ હોય તો જ સહી કરવી જોઈએ.

# ૧૪મી માર્ચ "ગુજરાત આદિવાસી સ્વશાસન દિન"

૧૪મી માર્ચ એટલે "ગુજરાત આદિવાસી સ્વશાસન દિન" કારણ કે ૧૪મી માર્ચ ૨૦૦૪ના દિવસે ગુજરાતમાં સૌ પ્રથમ ઐતિહાસિક ગ્રામસભા ચંદાપુરની થયેલ છે. ચંદાપુરની ગ્રામસભાએ ઐતિહાસિક રીતે આદિવાસી સ્વશાસનનું અમલીકરણ કરેલ છે. આ ગ્રામસભાનો પ્રકાશ સુરત, ડાંગ તથા પંચમહાલ જિલ્લામાં ફેલાયેલ છે.

| ગામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|
| વડગામ | ઉચ્છલ | સુરત |
| ધજ | ઉચ્છલ | સુરત |
| હોલીપાડા | ઉચ્છલ | સુરત |
| જૂની કાચલી | ઉચ્છલ | સુરત |
| વેકુર | સોનગઢ | સુરત |
| ઉમરકુઈ | વ્યારા | સુરત |
| દડકવાણ | વ્યારા | સુરત |
| બ્હેજ | વાલોડ | સુરત |
| મૂળદ | મહુવા | સુરત |

| ગામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|
| ટેમરૂનઘાટ | આહવા | ડાંગ |
| ભાલખેત | આહવા | ડાંગ |
| ભાપખલ | આહવા | ડાંગ |
| દરડી | આહવા | ડાંગ |
| ભોરઆમલી | સાગબારા | નર્મદા |
| વેણા | સંતરામપુર | પંચમહાલ |
| કાંકરી મોવડી | કડાણા | પંચમહાલ |
| ઢીંગલવાડા | કડાણા | પંચમહાલ |
| તલવાડા | કડાણા | પંચમહાલ |

**દિલ્હી-ગાંધીનગરમાં ભલે તમે,
ગ્રામસભામાં અમે જ અમે.**

**ગ્રામસભા તો ખાસ છે,
સ્વશાસનની શરૂઆત છે,
આદિવાસીઓ હવે તૈયાર છે,
સ્વાયત્તતા અમારો અધિકાર છે.**

**શું અસરો થઈ?**

- સામુહિક્તાનાં મૂલ્યો, આદિવાસી પરંપરા અને સંસ્કૃતિનું મહત્ત્વ લોકો સમજતા થયા.
- લોકો ગ્રામસભાનું મહત્ત્વ સમજતા થયા.
- ગ્રામસભામાં લોકો જાય છે, પ્રશ્નોત્તરી કરે છે.
- ભૂરિયા સમિતિના કાયદાની માહિતી અધિકારીઓ પાસેય ન હતી. તેઓ પણ માહિતગાર બન્યા.
- લોકો પોતાના અનુકૂળ સમયે અને જરૂરિયાત મુજબ ગ્રામસભાઓ કરતા થયા.
- ગ્રામસભામાં હિસાબો માંગી રહ્યા છે.
- ગામમાં નાત-જાત, રાજકીય અને ધાર્મિક વાડાઓ તૂટ્યા, સંગઠન બન્યું.
- સરપંચ અને તલાટી સાથ આપતા થયા, ભ્રષ્ટાચાર બંધ થયો.
- ગ્રામસભામાં થયેલા ઠરાવોને માન્યતા મળી અને ઠરાવોનું અમલીકરણ થયું.
- બીજા ગામના લોકોએ લોકો આધારિત ખાસ ગ્રામસભા કરવાની માગણી કરી.

## ગુજરાતના આદિવાસી તાલુકાઓ

**ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, મેઘરજ, દાહોદ, ઝાલોદ, સંતરામપુર, લીમખેડા, દેવગઢબારિયા, છોટાઉદેપુર, નસવાડી, તિલકવાડા, જેતપુરા-પાવી, ડેડિયાપાડા, સાગબરા, વલિયા, નાંદોદ, ઝઘડિયા, સોનગઢ, ઉચ્છલ, વ્યારા, વાલોડ, નીઝર, માંડવી, મહુવા, માંગરોળ, બારડોલી, વાંસદા, ધરમપુર, ચીખલી, પારડી, ઉમરગામ, આહવા**

# ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ ૧૯૯૮

આદિવાસીઓની પરંપરાઓ અને સંસ્કૃતિઓમાં રહેલાં મૂલ્યોને કાયદાકીય માન્યતા આપતો કાયદો એટલે 'ભૂરિયા સમિતિનો કાયદો'. આપણા ગુજરાતમાં તેને 'પંચાયત સુધારા અધિનિયમ ૧૯૯૮' કહેવામાં આવે છે. વળી, આ કાયદાને 'સ્વશાસનનો કાયદો', 'ગ્રામસભાનો કાયદો' કે 'ગ્રામસ્વરાજનો કાયદો' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાયદાની જોગવાઈઓ અનુસાર ગામના વહીવટ, સંચાલન કે વિકાસને લગતા વ્યક્તિગત કે સામુહિક બધા જ નિર્ણયો ગામના મતદારો દ્વારા નક્કી કરવામાં આવે છે. આ કાયદાથી ગ્રામસભાને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. આ રીતે ગ્રામસભા સર્વોપરી હોય છે. ટૂંકમાં કહીએ તો, ભૂરિયા સમિતિના કાયદાથી આદિવાસી સમાજની રૂઢિ, પરંપરા અને સંસ્કૃતિને બંધારણીય માન્યતા આપવામાં આવી છે.

**ભૂરિયા સમિતિના કાયદા હેઠળ,**

૧. ગ્રામપંચાયતમાં તથા ગામમાં દરેક કાર્ય કરવા માટે ગ્રામસભાની મંજૂરી અત્યંત જરૂરી છે.

૨. ગ્રામસભા દર અઠવાડિયે, દર મહિને કે વર્ષમાં જરૂર પડે તેટલીવાર ભરી શકાય.

૩. ગ્રામપંચાયતમાં આવેલ દરેક ગામની અલગ-અલગ ગ્રામસભા હોય છે, તથા ગામમાં આવેલા દરેક ફળિયાની પણ અલગ-અલગ ગ્રામસભા ભરી શકાય.

૪. ગ્રામપંચાયતમાં તથા ગામમાં નાના-મોટા કોઈ પણ કાર્ય, બધા જ નિર્ણયો કે નાણાનો ઉપયોગ ગ્રામસભાની મંજૂરી વગર થઈ શકે છે.

૫. ગ્રામપંચાયતમાં નાણાના ખર્ચા પછી ગ્રામસભા પાસે હિસાબો મંજૂર કરાવી, ખર્ચનું પ્રમાણપત્ર લેવું જરૂરી છે.

**ગ્રામસભાના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અધિકારો**

૧. પંચાયતમાં આવતી દરેક યોજના-પરિયોજનાની મંજૂરી-નામંજૂરી

૨. બીપીએલની યાદી તથા ગરીબી નિવારણ અને અન્ય - એ યોજના-પરિયોજનાના હકદારોની માહિતી મંજૂરી-નામંજૂરી

૩. પંચાયતના નાણા-ભંડોળના ઉપયોગ-ખર્ચના પ્રમાણપત્રની મંજૂરી

૪. ગામમાં થતા નાના ઝઘડાઓના ઉકેલની સત્તા

૫. ગામમાં સામુહિક રિવાજો, સંસ્કૃતિ, સામુહિક સાધનો વિગેરે માટે નિયમો-કાયદાઓ બનાવવાની સત્તા

૬. ગામની હદમાં આવેલી ગૌણવનપેદાશ જેવી કે ટીમરૂના પાન, ડોળી, મહુડો, ગુંદર વિગેરેનો વહીવટ તથા તેના વેચાણથી ઉપજતી રકમ ગામના વિકાસ માટે ગ્રામપંચાયતમાં જમા કરવી.

**રાજકીય અધિકાર**

૧. ૨૫ ટકાથી વધારે આદિવાસી વસતિ ધરાવતી દરેક ગ્રામપંચાયતમાં સરપંચ તથા ૫૦ ટકાથી વધારે પંચાયત સભ્યો માત્ર આદિવાસી માટે અનામત

૨. યાદીમાં જણાવેલ દરેક તાલુકામાં તાલુકા પ્રમુખ તથા ૫૦ ટકા કરતા વધારે તાલુકા સભ્યો માત્ર આદિવાસી માટે અનામત

૩. ૫૦ ટકા કરતાં વધારે આદિવાસી વસતિ ધરાવતા જિલ્લામાં જિલ્લા પ્રમુખ તથા અડધા કરતાં વધારે જિલ્લા સભ્યો માત્ર આદિવાસી માટે અનામત (નર્મદા, ડાંગ, દાહોદ, નવસારી)

# બંધારણના ઘડવૈયા : ડો. બાબાસાહેબ આંબેડકર

ડો. ભીમરાવ આંબેડકર જેને આપણે 'બાબાસાહેબ'ના નામથી ઓળખીએ છીએ. તેઓને ભારતના 'બંધારણના ઘડવૈયા' પણ કહેવામાં આવે છે. આ એપ્રિલ માસની ૧૪મી તારીખ 'આંબેડકર જયંતી' તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે. તો ચાલો, આ પ્રસંગે તેમના વિચારો તેમના જ શબ્દોમાં જાણીએ.

**બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં,**

- હું એમ કહીશ કે, દલિત વર્ગોને સામાજિક સુધારાઓની લગીરે પડી નથી. આ ઝેરી સામાજિક વ્યવસ્થાના પરિણામે તેમને વેઠવા પડતા અપમાન અને ગૌરવભંગની સરખામણીમાં તેમના લમણે લખાયેલ અભાવ અને ગરીબી તો કંઈ જ નથી. 'રોટી નહીં, સન્માન' એ જ તેમની માંગ છે.
- જ્યારે-જ્યારે ગુલામ વર્ગ ધારાસભાઓમાં અને જાહેર સેવાઓમાં અનામત માંગે છે, ત્યારે-ત્યારે શાસકવર્ગ બૂમો પાડીને પોકારે છે, 'રાષ્ટ્રવાદ ખતરામાં છે'.
- મારી ઈચ્છા હતી કે જ્યાં સુધી અસ્પૃશ્યતા છે, ત્યાં સુધી અનામત રહેવી જોઈએ.
- લોકો પોતાની મેળે શાસન કરતા નથી. તેઓ સરકાર રચે છે, તેને શાસન કરવા છોડી દે છે અને ભૂલી જાય છે કે એ એમની સરકાર નથી. આ પરિસ્થિતિમાં સંસદીય લોકશાહી ક્યારેય લોકોની, લોકો દ્વારા ચાલતી સરકાર બની નથી અને એટલે જ ક્યારેય લોકો માટેની સરકાર બની નથી.
- જાતિ એક એવું વિકરાળ પ્રાણી છે, જે તમારા માર્ગમાં આડે આવે છે. જ્યાં સુધી તમે આ વિકરાળ પ્રાણીને ખતમ નહીં કરો, ત્યાં સુધી તમે આર્થિક સુધારા નહીં કરી શકો.
- સીધી અને ખુલ્લી રીતે અનેક માણસની આઝાદી છીનવવી એ ગુલામીનું પસંદગી પાત્ર સ્વરૂપ છે. તે ગુલામને ગુલામી માટે સભાન બનાવે છે અને ગુલામી માટે સભાન બનવું એ આઝાદી માટેની લડાઈમાં સૌ પ્રથમ અને સૌથી મહત્ત્વનું પગલું છે, પરંતુ જો માણસની આઝાદી આડકતરી રીતે છીનવી લેવામાં આવે તો તેને તેની ગુલામીનું કોઈ ભાન થતું નથી.
- મારા મંતવ્ય પ્રમાણે કામદારોએ બે દુશ્મનો સાથે પનારો પાડવાનો છે. આ દુશ્મનો છે - બ્રાહ્મણવાદ અને મૂડીવાદ.

> "મેં તમારા માટે ઘર બનાવ્યું છે, અને તેને યોગ્ય સ્થિતિમાં જાળવવું તમારા હાથમાં છે. મેં વૃક્ષ રોપ્યું છે, તમે તેને પાણી પાશો તો તમે ફળ ચાખી શકશો અને એનો છાંયડો લઈ શકશો. જો એમ નહીં કરો તો તમારે તડકામાં બેસવું પડશે."

# '૧લી મે' આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ
# કામદારોનો અધિકાર દિવસ

૧લી મે, આંતરરાષ્ટ્રીય મજૂર દિવસની ઉજવણી આખી દુનિયામાં થાય છે. આ દિવસે મજૂરોએ માલીકો વિરૂદ્ધ પોતાના માનવીય અધિકારો મેળવવા માટે અવાજ ઉઠાવ્યો હતો અને તે આંદોલનની જીત થઈ હતી. તેને મહત્ત્વ આપવા માટે ઉજવણી થાય તેટલું જ પૂરતું નથી પરંતુ તેનાથી આગળ વધીને મજૂર આંદોલનનાં શહીદોને સાચી અંજલી આપવી હોય તો કામદારોની સમસ્યાઓના નિરાકરણ માટે નક્કર પગલા ભરવાની કાર્યવાહી કરવી એ આંતરરાષ્ટ્રીય મજૂર દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ હોવો જોઈએ. ગુજરાત રાજ્યની અંદર આજે પણ કામદારોને અધિકારો મળ્યા નથી. લઘુતમવેતન, બોનસ, ગ્રેજ્યુઈટી, વધારાના કામના બદલામાં ઓવરટાઈમ, કામ કરવાના સ્થળે પ્રાથમિક સુવિધાઓ મળતી નથી. હિરા કામદારો, ફેક્ટરીના કામદારો, શેરડી કામદારો, ખેતીના કામદારો કે અન્ય કોઈ પણ મિલ કે કારખાનાની વાત કરીએ તો આજ પરિસ્થિતિ બધી જગ્યાએ જોવા મળે છે. આવા સંજોગોમાં શું આપણે ચુપ રહીશું? આજે આપણા ગુજરાત કે દેશ આખામાં ગામ સ્તરે અસંગઠીત ક્ષેત્રના કામદારોને સંગઠીત કરવાનું કામ ઘણા ઓછા પ્રમાણમાં થયું છે. સંગઠીત થઈને મજૂર કાયદાઓનાં અમલીકરણનું કામ "ગ્રામીણ મજદૂર સભા, ગુજરાત" દ્વારા છેલ્લા બે વર્ષથી થઈ રહ્યું છે. પંચમહાલ જિલ્લાના આદિવાસી મજૂરો આખા ગુજરાતના ખૂણે ખૂણે બાંધકામ, ખેતમજૂરી કે અન્ય કામમાં મજૂરી અર્થે જાય છે. જેથી પંચમહાલ જિલ્લાથી શરૂઆત કરીને ગ્રામીણ મજદૂર સભા ડાંગ, નવસારી, સુરત, બનાસકાઠા, નર્મદા જિલ્લાઓમાં કાર્યરત છે. આ સંગઠન ગ્રામીણ કામદારોને લઘુતમ વેતન અપાવવાનું, તેમને શોષણમાંથી મુક્ત કરવાનું, મજૂર કાયદાના અમલીકરણનું તેમજ મજૂરોના સામાજિક સુરક્ષા માટે કાર્યરત્ છે.

**કામદારોનો એક અવાજ**
**લઈને રહીશું મજૂરોનું રાજ**

### ગ્રામીણ મજદુર સભાનું આયોજન

૧. મજૂરો માટેના કાયદા "રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી ધારો-૨૦૦૫" હેઠળની રોજગાર યોજનાનું ભ્રષ્ટાચારરહિત અમલીકરણ કરાવવું.
૨. કામ કરવા ઇચ્છતા ગ્રામીણ કુટુંબને જોબકાર્ડ મેળવવામાં મદદ કરવી.
૩. જોબકાર્ડ મળેલ દરેક કુટુંબને ૧૦૦ દિવસની રોજગારી મેળવવામાં મદદ કરવી.
૪. રોજગારી ન મળે તો બેરોજગાર ભથ્થું મેળવવામાં મદદ કરવી.
૫. રોજગારી મેળવેલ કુટુંબને નિયત કામ, કામની યોગ્ય માપણી અને કામનાં પ્રમાણમાં પૂરતું વળતર અપાવવામાં મદદ કરવી.

## આપણી માંગણીઓ

- ૬ જિલ્લાઓ ઉપરાંત નવા જિલ્લાઓમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી યોજના લાગુ થવી જોઈએ.
- ૧૦૦ દિવસની રોજગારી હકીકત બનવી જોઈએ.
- અલગ-અલગ કામ અને વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મજૂરીનાં દરો નક્કી થવા જોઈએ.
- જોબકાર્ડમાં કરેલ કામનો જથ્થો, કામના દિવસો અને ચૂકવેલ વેતનનો ઉલ્લેખ થવો જોઈએ.
- દરેક ગ્રામીણ કામદારને પૂરતું કામ અને કામના પ્રમાણમાં જીવન જીવવાલાયક વેતન મળવું જોઈએ.

# દરેક હાથને કામ આપો,
# કામનું પૂરું વળતર આપો.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી ધારો ૨૦૦૫

રોજગાર ખાત્રી ધારો મજૂરોની આર્થિક સત્તામાં ફેરફાર લાવનાર એક મહત્ત્વનું પરિબળ અને તક છે. આ કાયદો આર્થિક સત્તાથી સામાજિક સત્તાના પરિવર્તનનું સાધન બની શકે તેમ છે. અત્યાર સુધીમાં પછાત વર્ગોમાં આર્થિક પરિવર્તન ચોક્કસ આવ્યું છે, પરંતુ આ આર્થિક ફેરફારને લીધે સામાજિક મોભામાં કોઈ ફેરફાર કે વૃદ્ધિ થઈ નથી કારણ કે અત્યાર સુધી સમાજના નબળા અને પછાત વર્ગોમાં જે કંઈ આર્થિક ફેરફારો થયા છે તે તમામ સામાજિક અને આર્થિક રીતે સદ્ધર એવા વર્ગોના આધારિત હતા. પરંતુ આ કાયદાના અમલીકરણથી નબળા અને મજૂર વર્ગની આર્થિકતાનો આધાર કહેવાતા સામાજિક-આર્થિક ઉચ્ચવર્ગના હાથમાં નહીં, પણ બંધારણની જોગવાઈઓના આધારિત રહેશે. એટલે કે આર્થિક ગુલામીની બેડીઓ આ કાયદાથી તૂટશે. તેની સાથે સાથે ખૂબ જ મહત્ત્વના એવા સામાજિક ગુલામીના બંધનો પણ તૂટશે. કહેવાતો ઉચ્ચ વર્ગ આ આર્થિક અને સામાજિક અસમાનતા તોડવામાં રસ ધરાવતો નથી. એટલે તેઓ આ કાયદો અમલમાં ના આવે તે માટે ઘણા પ્રયત્નો કરી ચૂક્યા છે અને કરી રહ્યા છે. આ કાયદાના અમલથી શહેરનાં ઉદ્યોગપતિઓ તથા કારખાના માલિકો ઉપર આર્થિક બોજ વધશે, મજૂરો આર્થિક રીતે સ્વતંત્ર બનશે, પોતાના અધિકારોની લડત વધુ ઉત્સાહથી, તાકાતથી લડશે. ગામની અંદર સત્તા ધરાવતા વર્ગની પકડમાંથી મજૂરો આર્થિક રીતે સ્વંતત્ર બનતા સામાજિક મોભા અને સત્તામાં પરિવર્તન આવશે. ગ્રામીણ રોજગારી ખાત્રી ધારા હેઠળ ચાલતી યોજના એ કોઈ રાહત કામ જેવી યોજના નથી, પરંતુ બંધારણમાં મળેલ કામના અધિકાર મુજબ આ અધિકાર મળેલો છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ખાતરી ધારા હેઠળ કામ મેળવવાની કાર્યવાહી

### જોબકાર્ડ

- દરેક કુટુંબે જોબકાર્ડ મેળવવા પોતાની ગ્રામપંચાયતમાં નામ નોંધણી કરાવવી પડે.
- આ નામ નોંધણીની અરજીનું ફોર્મ ગ્રામ-પંચાયતમાંથી વિનામૂલ્યે મળવાપાત્ર છે.
- આ અરજીમાં તમામ વિગત ભરી ગ્રામપંચાયતની કચેરીએ આપવાની રહેશે.
- જો ગ્રામપંચાયતના વહીવટકર્તા, અરજી લેવાની ના પાડે તો, રજીસ્ટર પોસ્ટથી ગ્રામપંચાયતને મોકલી દેવાની રહેશે.
- દરેક કુટુંબે વિભક્ત કુટુંબ દીઠ અલગ-અલગ અરજી કરવાની રહેશે. જોબકાર્ડ માટેની અરજી સાથે પૂરાવા તરીકે રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ જોડવી.
- જોબકાર્ડ માટે અરજી કરવાની જવાબદારી લોકોની છે, ગ્રામપંચાયતની નથી.
- જોબકાર્ડની અરજી મળેથી ગ્રામપંચાયતે ૧૫ દિવસની અંદર અરજદારોના ફોટા સાથેનું લેમીનેટેડ પાંચ વર્ષનું માન્ય ગણાય તેવું જોબકાર્ડ વિના મૂલ્યે પૂરું પાડવાનું હોય છે.
- જોબકાર્ડ માટેના ફોટાના કોઇ પૈસા ચુકવવાના થતા નથી, પરંતુ લોકો જાતે ફોટો પડાવીને આપે તો રૂ. ૧૦ અરજદારે પંચાયત પાસેથી મેળવવાના રહેશે.
- જો અરજદારે નામ નોંધણીની અરજી કર્યાના ૧૫ દિવસ પછી પણ જોબકાર્ડ ન મળે તો ઉપરી અધિકારીને એટલે કે પ્રોગ્રામ ઓફિસર (તાલુકા વિકાસ અધિકારી)ને ફરિયાદ કરવી અને ૧૫ દિવસથી વધારેની કામ માટે સીધી માંગણી કરી શકે.

### કામની માંગણી

- અરજદારે જોબકાર્ડ મળ્યા પછી કામ મેળવવાની અરજી ગ્રામપંચાયતને કરવાની રહે છે.
- જો જોબકાર્ડ માટે અરજી ન કરી હોય તો જોબકાર્ડ અને કામ મેળવવાની અરજી એક સાથે કરી શકાય છે.
- જોબકાર્ડ ના હોય તો પણ કામ મેળવવાની અરજી કરી શકાય.
- અરજીમાં કઇ તારીખથી કઇ તારીખ સુધી કુલ કેટલા દિવસનું કામ જોઇએ છે તેની વિગત હોવી જોઇએ.
- કામ મેળવવાની અરજીમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસનું કામ માંગી શકાય. કામનો સમયગાળો સળંગ કે ૧૫ દિવસથી વધારેના ટુકડામાં હોઇ શકે. કોઇપણ વખતે કામનો સમયગાળો ૧૫ દિવસથી ઓછો હોવો જોઇએ નહિ. કામ માગ્યાની તારીખથી ૧૫ દિવસની અંદર કામ પૂરું પાડવાની જવાબદારી પંચાયતની છે. જો આ સમય દરમિયાન કામ ન મળે તો અરજદાર બેરોજગારી ભથ્થુ મેળવવા


હકદાર બને છે. જો અરજી કામ જોઈએ છે તે તારીખથી ૧૫ દિવસ એડવાન્સમાં કરેલ હોય તો જે દિવસથી કામ માગ્યું હોય તે દિવસથી ગ્રામપંચાયતની કામ આપવાની જવાબદારી છે. નહિ તો અજરદાર કામ માગ્યાની તારીખથી બેરોજગારી ભથ્થુ મેળવવા હકદાર બને છે.

- જો ગ્રામપંચાયત કામની અરજી સ્વીકારવાની ના પાડે તો તેને આર.પી.એડીથી મોકલી આપવાની રહેશે.
- મૌખિક કામની અરજી ગ્રામપંચાયતમાં કરી શકાય છે, પરંતુ તેની જોબકાર્ડમાં એન્ટ્રી પડાવી તલાટીની સહી કરાવી લેવાની રહેશે.

**જો કામ ના મળે તો? (બેરોજગારી ભથ્થુ)**

- અરજી કર્યાની તારીખથી ૧૫ દિવસની અંદર ગ્રામપંચાયત કામ ના આપે તો અરજદારે બેરોજગારી ભથ્થુ મેળવવા માટેની અરજી પ્રોગ્રામ ઓફિસર (તાલુકા વિકાસ અધિકારી)ને રૂબરૂ અથવા રજીસ્ટર પોસ્ટથી મોકલવાની રહેશે.
- જો અરજી કર્યાના ૧૫ દિવસમાં બેરોજગારી ભથ્થુ ન મળે તો તેની ફરિયાદ રૂબરૂ અથવા ટપાલથી વિગતવાર જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર (જિલ્લા વિકાસ અધિકારી)ને કરવાની રહેશે.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી યોજનાનું માળખું




## નોંધ

- આ કાયદા હેઠળ દરેક કુટુંબ દર વર્ષે ઓછામાં ઓછું ૧૦૦ દિવસનું કામમેળવવા અથવા તો વેતન અને બેરોજગાર ભથ્થુ કુલ મળી રૂ. ૬,૦૦૦/- મેળવવા હકદાર બને છે.
- તારીખ સાથેની અરજી / ફરિયાદ લેખિત જ કરવી તથા એક નકલ પોતાની પાસે રાખવી.
- અરજી / ફરિયાદ રૂબરૂ આપો તો નકલ ઉપર સહી લેવી, ટપાલથી મોકલો તો રજિ.એડી. કરવી.

# આદિવાસી સમાજના આદર્શ બિરસામુંડા

આદિવાસીઓનો ઇતિહાસ શરૂઆતથી જ સંઘર્ષમય રહ્યો છે. "બીન લટે કુછ ભી નહીં મીલતા યહાં યે જાનકર અબ લડાઈ લડ રહે હૈં લોગ મેરે ગાંવ કે" સુત્ર ભલે ક્રાંતિકારીઓ માટે પાછળથી પ્રચલીત થયું, પરંતુ આખા દેશમાં આદિવાસીઓ પોતાનું અસ્તિત્વ ટકાવવા સંઘર્ષ કરતા આવ્યા છે. તેમની પ્રેરણાથી જે આ સૂત્ર આવ્યું હશે. આદિવાસી સમાજનાં આદર્શ એવા બિરસામુંડાને આજે ધાર્મિક કટ્ટરપંથીઓ દ્વારા ઇતિહાસને તોડી-મરોડીને ખોટી રીતે ખ્રિસ્તીઓ વિરોધી સાબિત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ઇતિહાસ અને હકીકત સાચી રીતે તપાસવામાં આવે તો બિરસા મુંડાનું આંદોલન જમીનદારોનાં અત્યાચારો વિરૂદ્ધ અને અંગ્રેજોની ગુલામી વિરૂદ્ધનું હતું. આઝાદીની લડાઈના ઇતિહાસમાં ઘણા આદિવાસી નેતાઓને જોડવામાં આવ્યા નથી. તેમાં જાતિવાદી માનસિક્તા ધરાવતા ઇતિહાસકારોને જવાબદાર ગણવા જોઈએ.

બિરસા મુંડાને ભગવાન માનવાની ભૂલ પણ ન કરવી જોઈએ કારણ કે તેમણે જ આદિવાસીઓની મુક્તિ માટે, જમીનદારોનાં અત્યાચારો બંધ કરાવવા અને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મેળવવા સંગઠન બનાવ્યું હતું અને આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો.

આદિવાસીઓનો એક અવાજ
કરશું બિરસાનું સ્વપ્ન સાકાર
લઈને જ જંપશું સાચું સ્વરાજ

**બિરસા કહે, મારું કામ છે બાકી**
**તીરકમાન છે આપણા સાથી**
**ભેગા થશે જો દલિત આદિવાસી**
**નક્કી મળશે સાચી આઝાદી**

### આ નિમિત્તે સંકલ્પ કરીએ કે,

- ગ્રામસભામાં નિયમિત હાજરી આપી અને અપાવીશું.
- ગ્રામસભામાં ચર્ચા અને નિર્ણયમાં સંપૂર્ણ ભાગીદાર બનીશું.
- ગ્રામસભાના અમલીકરણ દ્વારા ગ્રામસ્વરાજ, સ્વશાસન લાવીશું.
- સ્વશાસનના અમલીકરણથી સ્વાયત્તતા તરફ પ્રયાણ કરી, સ્વાયત્તતા મેળવીશું.

# માહિતીનો અધિકાર આવ્યો, ભ્રષ્ટાચારનો અંત લાવ્યો.

**માહિતીનો અધિકાર એટલે,**

- કામ, દસ્તાવેજો અને દફ્તર ચકાસણીનો અધિકાર
- નોંધ કરવાનો, ઉતારો લેવાનો કે પ્રમાણિત નકલ લેવાનો અધિકાર
- નમૂનાઓ લેવાનો અધિકાર
- ઇલેક્ટ્રોનિક્સ સાધનોથી માહિતી મેળવવાનો અધિકાર
- એવી માહિતી કે જે બહાર આવવી જાહેર હિતમાં આવશ્યક હોય તે મેળવવાનો અધિકાર
- માહિતી કે જે સંસદ કે રાજ્ય વિધાનસભાના સભ્યને નકારી શકાય નહિ તે કોઈપણ વ્યક્તિને નકારી શકાશે નહિ.

**માહિતીના અધિકારને લીધે,**

- વહિવટમાં પારદર્શકતા આવશે.
- ભ્રષ્ટાચાર ઉપર નિયંત્રણ આવશે, નાબૂદ થશે.
- તમારા કામની પ્રગતિ જાણી શકાશે.
- વહીવટી કાર્યમાં જવાબદારી નક્કી થશે.
- વહીવટી કામ ઝડપી અને સરળ બનશે.
- ગેરમાર્ગે દોરનારા, ભ્રષ્ટાચાર કરનારા, માહિતીના અભાવને લીધે વચેટીઆ બની પૈસા ખાનારનો અંત આવશે.


**માહિતી મેળવવા માટે,**

- આપને જે માહિતીની જરૂર હોય તેને લાગતી વળગતી કચેરીમાં "માહિતી અધિકારી"ને નિયત નમૂનામાં અરજી કરો.
- અરજી કરનાર વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ.
- માહિતી મેળવવા જરૂરી ફી ભરવી જોઈએ.
- બી.પી.એલ.માં આવતી વ્યક્તિએ કોઈપણ ફી આપવાની રહેતી નથી.
- અરજીની એક નકલ અરજી કરનારે રાખવી તેના ઉપર જે તે કર્મચારીને અરજી આપ્યાની સહી કરાવવી અથવા પહોંચ મેળવવી.

**આટલું ન કરો,**

- એક કરતા વધુ ખાતા કે કચેરીને લગતી માહિતી એક જ અરજીમાં ન કરો, પરંતુ જુદી જુદી અરજી કરો.
- માહિતી જેની પાસેથી મળી શકે તેને જ/તે જ ખાતા-કચેરીને અરજી કરો (મુખ્યમંત્રી, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ વિગેરેને અરજી ન કરો)
- સામાન્ય રીતે જે કક્ષાએ માહિતી મળી શકતી હોય ત્યાં જ અરજી કરો. (ગામની ગામના સ્તરે, તાલુકાની તાલુકા સ્તરે, જિલ્લાની જિલ્લા સ્તરે)

જાણી લે તું માહિતીનો "કાયદો"
ઉઠાવી લે હવે એનો "ફાયદો"
માહિતીનો ના તું કરતો "સોદો"




**નોંધ :**

- તારીખ સાથેની અરજી / અપીલ લેખિત જ કરવી તથા એક નકલ પોતાની પાસે રાખવી.
- અરજી / અપીલ રૂબરૂ આપો તો નકલ ઉપર સહી લેવી, ટપાલથી મોકલો તો રજિ.એડી. કરવી.

અરજી ફી : ૨૦ રૂ. રોકડા / નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ/ડીમાન્ડ ડ્રાફ્ટ
દસ્તાવેજ ફી: A4/A5 કાગળ - ૧ પાના દીઠ - રૂ.૨, ફ્લોપી અથવા સીડી : રૂ.૫૦/-
નમૂનો, ફોટોગ્રાફ અથવા મોટા કાગળ : ખરેખરી કિંમત
ગરીબી રેખા હેઠળ જીવતાં કુટુંબના સભ્યોએ કોઈપણ અરજી અપીલ કે દસ્તાવેજ
માટે આ કાયદા હેઠળ કોઈપણ પ્રકારની ફી ભરવાની થતી નથી.

## નમૂનો 'ક'

## માહિતી મેળવવા માટેની અરજીનો નમૂનો

પ્રતિ,
જાહેર માહિતી અધિકારી,
(વિભાગ / કચેરી)

૧. અરજદારનું નામ:
૨. પૂરું સરનામું :
૩. જરૂરી માહિતીની વિગતો (ટૂંકમાં) :
૪. હું, આથી જણાવું છું કે માંગવામાં આવેલી માહિતી, માહિતીના અધિકાર બાબતના અધિનિયમ, ૨૦૦૫ની કલમ૮ અથવા ૯ હેઠળ માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપેલી હોય તેવા વર્ગ હેઠળ આવરી લીધેલ નથી અને મારી ઉત્તમજાણ મુજબ તે આપના વિભાગ / કચેરીને લગતી છે.
૫. ★ (૧) મેં વિભાગ / કચેરીમાં તારીખ: ______ ના રોજ પહોંચ ક્રમાંક : ______ પ્રમાણે રૂા. ______ શબ્દોમાં રૂપિયા ______ ની ફી ચૂકવેલી છે.
★ (૨) હું આ સાથે ચૂકવવાપાત્ર ફી પેટે ______ અધિકારીની તરફેણમાં ______ બેંકે કાઢી આપેલ તારીખ : ______ નો ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરનું બિડાણ કરું છું.
★ (૩) આ અરજી ઉપર રૂા. ______ ની નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ ચોંટાડેલ છે.

સ્થળ :
તારીખ :

અરજદારની સહી
ઈ-મેઈલ એડ્રેસ, જો હોય તો
ટેલિફોન નં. (કચેરી) :
(નિવાસ) :

તા.ક. : ગરીબી રેખા હેઠળની વ્યક્તિએ કોઈ પણ પ્રકારની ફી ચૂકવવાની રહેશે નહીં.
★ લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

# જરા વિચારો...!!!

- સમજ્યા વગર મત આપવાનો, વાંચ્યા વગર સહી કરવાનો કે નિર્ણય વખતે ચૂપચાપ બેસી રહેવાનો આપણને અધિકાર છે?
- તમારા ગામમાં આદિવાસી સ્વશાસનનું અમલીકરણ ક્યારે થશે? કોણ કરશે?
- તમારા ગામ કે તાલુકામાં રાજકીય અનામતનો સંપૂર્ણ અમલ થાય છે?
- તમારા જોબકાર્ડમાં કામના જથ્થાનું માપ, કામના દિવસો તથા વેતનનું ખાનું હોવું જોઈએ કે નહીં?
- માહિતી શા માટે મેળવવી જોઈએ? ભ્રષ્ટાચાર રોકવા કે સોદો કરવા?
- રોજગાર ખાતરી ધારા હેઠળ કામના સ્થળે છાંયડો, સ્વચ્છ પીવાનું પાણી કે બાળકોની સંભાળ જેવી સુવિધાઓ તમને મળે છે? શા માટે?
- તમારા ગ્રામપંચાયતમાં સામાજિક ન્યાય સમિતિ બનેલ છે? તેના પ્રમુખ અને સભ્યો વિશે તમે જાણો છો?
- પ્રશ્નોના ઉકેલ શોધવા જોઈએ કે પ્રશ્નો ઊભા કરવા જોઈએ?
- અનામત વિશે તમે તમારું મંતવ્ય ક્યારે જાહેર કરશો? દલિતો માટે 'દલિત નીતિ' હોવી જોઈએ કે નહીં?
- સ્થળાંતરિત કામદારોના રહેવાના સ્થળે પ્રાથમિક સુવિધા મળવી જોઈએ કે નહીં? તેની જવાબદારી કોની હોવી જોઈએ?
- અનામત કે જંગલ-જમીન જેવા મુદ્દાઓ ઉપર ચૂપ (તમારા મતે નિષ્પક્ષ) રહીને તમે જાણે-અજાણે કોને સાથ આપો છો? તમારા સમર્થકોને કે વિરોધીઓને?
- ગરીબી રેખા હેઠળ જીવતાં કુટુંબોએ માહિતી માટે ફી માફી મેળવવા, પુરાવાની નકલને પ્રમાણિક કરવાનો ખર્ચ શું આવે? (ફી કરતાં વધારે કે ઓછો?)

આ પુસ્તિકા માત્ર અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુ માટે તૈયાર કરાઈ છે.

**પ્રગતિ પ્રયાસ કેન્દ્ર**

**સોલંકી મનહરભાઈના મકાનમાં,**
**વ્રજધામ સોસાયટી પાછળ,**
**સંસ્કાર નગરીની સામે,**
**ગોધરા, જિ. પંચમહાલ**

**વિકલ્પ**

**એ/૮, આનંદ ટેનામેન્ટ,**
**વસ્ત્રાપુર રેલવે સ્ટેશન પાસે,**
**વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧**
**E-mail: vikalpahd@gmail.com**